આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૦-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## લોકસભા-વાયુયાન વિધેયક

લોકસભામાં ગઈકાલે ભારતીય વાયુયાન વિધેયક 2024 પસાર કરાયુ હતું. આ વિધેયક કેન્દ્ર સરકારને કોઈપણ વિમાન અથવા વિમાનના વર્ગની ડિઝાઇન, ઉત્પાદન, જાળવણી, કબજો, ઉપયોગ, સંચાલન, વેચાણ, નિકાસ અથવા આયાતને નિયંત્રિત કરવા અને સુરક્ષિત કરવા માટે નિયમો બનાવવાની સત્તા આપે છે. એરક્રાફ્ટ કામગીરીની સલામતી. આ વિધેયકનો ઉદ્દેશ છે.

**(NSD)**

---

## ભારત-બાંગલાદેશ સરહદ

ભારત-બાંગલાદેશ સરહદ પરની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવા માટે કેન્દ્ર સરકારે સમિતિની રચના કરી છે. આ સમિતિ બાંગલાદેશમાં વસતા ભારતીય નાગરિકો અને લઘુમતી સમુદાયોના લોકોની સલામતી સુનિશ્ચિત કરવા સંદેશાવ્યવહારની ચેનલ પ્રસ્થાપિત કરશે.

**(NSD)**

---

## ડ્રગ્સ-હર્ષ સંઘવી

રાજ્યમાંથી ડ્રગ્સના દુષણને ઉગતું જ ડામી દેવા રાજ્ય સરકારે ડ્રગ્સ સામે અભિયાન જ નહિ, જંગ છેડી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએઆ વિષે વધુ

માહિતી આપતા જણાવ્યુ કે છેલ્લા એક અઠવાડીયામાં ગુજરાત પોલીસે ૮૩૬ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ચરસ, ગાંજોઅને ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટ સહિતના ડ્રગ્સનો મુદ્દામાલ જપ્ત કરી ૧૪ આરોપીઓ સામે નાર્કોટીક્સના ગુના દાખલ કર્યા છે. તેમણે ઉમેર્યું કે અન્ય દેશોમાંથી દરિયાઇ માર્ગે ઘુસાડવામાં આવતા ડ્રગ્સને પકડવામાં ગુજરાત પોલીસ સતત સતર્ક છે.

આ અભિયાનમાં જોડાયેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓઅને ખબરીઓનો જુસ્સો વધારવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી પણ રાજ્યમાં અમલમાં મુકવામાં આવી છે. યુવાનોને આ ચુંગાલથી દૂર રાખવાની લડાઇમાં સંતો-મહંતો, નેતાઓ-અભિનેતાઓ, સહિત તમામ જાગૃત નાગરિકોને 'એક પરિવાર' બનીને સહયોગ આપવાની હર્ષ સંઘવીએ અપીલ કરી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

# વિશ્વ સિંહ દિવસની ઉજવણી

'વિશ્વ સિંહ દિવસ' નિમિતે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં સિંહ સદન, સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. સિંહ' પ્રત્યે નાગરિકોમાં વધુને વધુ જાગૃતિ આવે, તેનું યોગ્ય સંવર્ધન-સંરક્ષણ થાય તેવા ઉમદા હેતુથી ગુજરાત સહિત વિશ્વભરમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

વન વિભાગ દ્વારા **#World Lion Day** 2024 દ્વારા વિશ્વના સિંહપ્રેમીઓ, એન.જી.ઓ., પ્રકૃતિપ્રેમીઓ, જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, ગ્રામજનો ને તેમના સંદેશ , ફોટોગ્રાફસ, ટૂંકા વિડીયો સોશ્યલ મીડિયા પર શેર કરી આ ઉજવણીમાં સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## હર ઘર તિરંગા શુભારંભ

દેશભરમાં 15 ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થયો છે ત્યારે રાજ્યમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં ભવ્ય 'હર ઘર તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવેલું છે. જેમાં સૌપ્રથમ આ યાત્રાનો શુભારંભ રાજકોટથી થશે.

આજે સવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા રાજકોટથી આ તિરંગા યાત્રાનો આરંભ કરાવશે. કેન્દ્રીયમંત્રી સી.આર.પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદશ્રીઓ ,ધારાસભ્યો સહિત અન્ય અગ્રણીઓ આ યાત્રામાં સહભાગી થશે...

દરમ્યાન આજે  કચ્છના કોટેશ્વર, માંડવી બીચ, માતાના મઢ તથા ધોળાવીરા ખાતે અને ૧૧ ઓગસ્ટના ભુજ જયુબિલી ગ્રાઉન્ડ ખાતેથી ઓલ્ડફ્રેડ હાઇસ્કુલ સુધી તિરંગા યાત્રા યોજાશે. જેમાં પોલીસ જવાનો, શાળાના બાળકો, પરંપરાગત લોક નૃત્ય કલાકારો, રમતવીરો, તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે. ૧૨ ઓગસ્ટના તમામ તાલુકા મથક પરમુખ્ય કાર્યક્રમ અને દરેક ગ્રામ પંચાયત દીઠ કાર્યક્રમો તથા તિરંગા યાત્રા યોજાશે.

૧૩મી  તારીખે સરહદી વિસ્તાર ધરાવતા કચ્છના ૫૯ ગામોમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં 99 હજારથી વધુ તિરંગાનુ વિતરણ કરવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---

## નર્મદા ડેમ

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. નર્મદા ડેમ સિઝનમાં પ્રથમવાર 128 મીટર પાર થયો છે જે મહત્તમ સપાટીથી માત્ર 10 મીટર દૂર છે.

આ ડેમની સપાટીને ખતરાના નિશાનથી ઘટાડવા માટે આશરે 28 હજાર, 464 ક્યુસેક પાણીને નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## ઓલિમ્પિક-કુસ્તીમાં કાંસ્ય ચંદ્રક

હરિયાણાનું હીર ઝળકાવતાં ઓલિમ્પિક રમતોત્સવમાં પહેલીવાર રિંગમાં ઊતરેલા પહેલવાન અમન સહરાવતે કાંસ્યચંદ્રક જીતી લીધો હતો. આ સાથે ભારતના ખાતામાં હવે એક રજત અને પાંચ કાંસ્ય સહિત છ ચંદ્રક થઈ ચૂક્યા છે. અમન વ્યક્તિગત સ્પર્ધામાં ચંદ્ર જીતનાર સૌથી યુવા ભારતીય પણ બની ગયો છે. કુસ્તીમાં પ્રથમ ચંદ્રક જીતી લાવવા બદલ અમનને અભિનંદન આપતાં પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું હતું કે, સ્પર્ધામાં અમનની લગન અને દૃઢતા સ્પષ્ટ દેખાઈ છે. આખો દેશ આ ઉલ્લેખનીય ઉપલબ્ધિની ઉજવણી કરી રહ્યો છે.

**(NP/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------